।। सा विद्या या विमुक्तये ।।

# શારદ

ર્ષ ૧૫ સપ્ટેમ્બર-ઓક્ટોબર - ૧૯૯૪ અંક ૨

## વાલીઓને ,

### પરીક્ષા પરીક્ષા

આપણી કમનસીબી છે કે પરીક્ષા કેળવણીની કરોડરજ્જુ હોય રીતે તેને જોવી પડે. પરીક્ષા સાધન બને તે સમજી શકાય પણ ય કેવી રીતે બની શકે ? ઉપરનાં ધોરણોમાં તો ઠીક પણ નાનાં ણનાં હસતાં રમતાં નાનાં બાળકોને પણ તેના બોજાથી લાદી યા છે તે કમનસીબી છે. જાહેર પરીક્ષાનાં પરિણામ ઉપરથી જુદા ા ક્ષેત્રોમાં ઉપલબ્ધ તકોને કારણે તે પરીક્ષાઓ હાસ્યાસ્પદ અને ર્થક બને એટલો ભ્રષ્ટાચાર તે પરીક્ષાઓમાં પ્રવેશ્યો છે તેનાથી પરિચિત છીએ.

બાળકનું સતત મૂલ્યાંકન થાય અને તે મૂલ્યાંકન તેના યાસમાં ઉપકારક બને એ એક વાત છે અને ગમે તેમ કરીને તે ાંકનમાં સારા ગુણ લાવી બતાવવા તે જુદી વાત છે, એટલું જ નહીં, ાક માટે તે નુકસાનકારક પણ છે તે ભૂલવું ન જોઈએ. કેટલાક સમજૂ ીઓ આ વાત સમજે છે તેનો મને આનંદ છે. પરંતુ જેઓ આ વાત . સમજી શકતાં તે અમારા માટે કોયડારૂપ છે. આનાથી ઊભો થતો રાટ શિક્ષણની પ્રક્રિયાને ભારે ગૂંચવી મારે છે.

સામાન્યતઃ પ્રથમ સત્રને અંતે છ માસિક અને બીજા સત્રને વાર્ષિક પરીક્ષા લેવાય તેવો ક્રમ વર્ષો સુધી રહ્યો. છેલ્લાં કેટલાક થી શિક્ષણખાતાએ બે સામયિક કસોટી અને વર્ષને અંતે વાર્ષિક ક્ષા લેવી તેવું જણાવેલું. તાજેતરમાં પ્રાથમિક શિક્ષણખાતા થી શ્રેણી ૧ થી ૭ માટે સપ્ટેમ્બરમાં મૌખિક અને નવેમ્બરનાં ામાં લેખિત, ફેબ્રુઆરીનાં અરસામાં બીજી મૌખિક અને વર્ષને વાર્ષિક પરીક્ષા લેવી તેવું જણાવ્યું છે. આવા પરિપત્રો શિક્ષણની ાને સુધારવા અને મદદરૂપ થવાના પ્રયત્નોનું પરિણામ છે અને ભવો પરથી આવાં સૂચનો થતાં હોય છે. બાળકોને મૂંઝવવાનો ાન કરવાનો હેતુ તેની પાછળ ન જ હોય તેની મને ખાતરી છે. તેનું અમલીકરણ પણ એ રીતે કરવાનો અમારો પ્રયત્ન હોય ખાતરી વાલીઓને ભાગ્યે જ આપવાની જરૂર હોય. વિશેષે ા બાળકોની સાથે સાથે પરીક્ષાના હાઉથી જે વાલીઓ બાળકને ાથી રાખી શકતા તેવા બાળકો માટે અને તેવા વાલીઓ માટે ા નાના ફેરફારો પણ ગભરાવી નાંખે છે તેવો અનુભવ થાય છે.

શ્રેણી ૧ થી ૪ માં તો બાળક સુંદર અક્ષરો લખે, ભાષા શુદ્ધ સાચી જોડણીથી લખી શકે, પોતાની વાત સ્પષ્ટ રીતે રજૂ કરી અને ગણિતમાં તેની સમજણ સ્પષ્ટ હોય અને સાદા વ્યવહારો ક રીતે કરી શકે એટલું કૌશલ્ય તેની પાસે હોય તો સંતોષકારક , જોઈએ.

- દિનુભાઈના વંદન

## શિક્ષકદિન

તા. ૫-૯-૯૪નાં રોજ ધોરણ ૮, ૯નાં અને ૧૧ તથા ૧૨ના વિદ્યાર્થી ભાઈબહેનોએ ડો. રાધાકૃષ્ણનૂની જન્મ જયંતિ નિમિત્તે 'શિક્ષકદિન' ની ઉજવણી કરી. વિદ્યાર્થી ભાઈબહેનોએ ભાવસભર હૃદયે 'ગુરુર્દેવો ભવ' ને અભિવ્યક્ત કરતાં વક્તવ્ય રજૂ કર્યાં અને તેમની ગુરૂપ્રત્યેની ભાવનાને વ્યક્ત કરવા બધાં જ શિક્ષકોને ગુલાબ અર્પણ કરી અભિવાદન કર્યું. આ પ્રસંગે મુ. શ્રી દિનુભાઈએ અને શ્રી દેવેન્દ્રભાઈએ પ્રાસંગિક પ્રવચન કર્યાં.

ડો. સર્વપલ્લી રાધાકૃષ્ણન્ દુનિયાનાં અગ્રગણ્ય તત્વજ્ઞ, ચિંતક અને ફિલસૂફ હોવા છતાં તેમણે તેમની જાતને સદાય આજીવન શિક્ષક તરીકે ઓળખાવ્યાં છે ને તેથી જ તેમણે તેમનાં જન્મદિનને શિક્ષકદિન તરીકે ઉજવવાનું પસંદ કર્યું, કારણ શિક્ષકનું કામ શિક્ષણનું તો છે જ પણ તે સાથે તે સંસ્કૃતિના ઘડતરનું પવિત્ર કાર્ય પણ કરે છે. અજ્ઞાનનાં અંધકારને નિવારી જ્ઞાનની જ્યોત પ્રગટાવનાર ગુરૂનું જીવન ધ્યેયમૂર્તિ જેવું હોવું જોઈએ. સર્વશ્રી રાધાકૃષ્ણનેં તો ખાસ ભારપૂર્વક કહ્યું હતું કે, ''વિદ્યાર્થીની સાહજીકતાને ક્યારેય મૂરઝાવી ન દો. અભ્યાસ જ ફક્ત મહત્ત્વનો નથી. આત્મચિંતન પણ એટલું જ મહત્ત્વનું છે. વેદો, પુરાણો અને વિશ્વવિભૂતિ સાથેનાં પ્રત્યક્ષ અને પરોક્ષ પરિચયથી જ માણસનાં જીવનનું સાચું ઘડતર થાય છે. માણસે તેનાં માનસિક વિકાસ માટે બધી જ દિશામાંથી આવતાં જ્ઞાનરૂપી પ્રકાશને પારખવો જોઈએ, ને તે માટે તેણે સ્વીકાર્યતા અને પૂર્વગ્રહરહિત માનસ કેળવવું જોઈએ.'' શ્રી રાધાકૃષ્ણનૂમાં પૂર્વ દુનિયાનાં ધર્મનું તત્ત્વ અને પાશ્ચિમાત્ય વિચારોનું સુભગ સંયોજન જોવા મળતું હતું. એવા શ્રી રાધાકૃષ્ણનૂને આપણા સૌના ભાવભર્યાં વંદન.

## સાથિયો શા માટે ?

તા. ૭-૯-૯૪ને બુધવારનાં રોજ પર્યુષણ પર્વ નિમિત્તે ધોરણ ૫ અને આંતરગૃહના ઉપક્રમે એમ બે સાથિયા સ્પર્ધા યોજાઈ.

સાથિયો જેને આપણે સ્વસ્તિક કહીએ છીએ તે ભારતીય સંસ્કૃતિનું અજોડ પ્રતીક છે. કોઈપણ મંગળકાર્યનાં પ્રારંભમાં સ્વસ્તિમંત્ર ઉચ્ચારવામાં આવે છે. સ્વસ્તિકના પ્રતીક દ્વારા સૌ પોતાનાં કાર્યનું માંગલ્ય ઇચ્છે છે. સ્વસ્તિકના પ્રતીકમાં દેવોની શક્તિ અને માનવીની શુભકામના એ બંનેનું શુભ સંયોજન છે.

સ્વસ્તિકની મૂળ આકૃતિમાં એક ઊભી લીટી જે જ્યોતિર્લિંગનું સૂચન કરે છે, ને જે વિશ્વની ઉત્પત્તિનું કારણ છે, ને આડી રેખા એ વિશ્વનો વિસ્તાર સૂચવે છે. સ્વસ્તિકની ચાર ભુજાઓ એટલે વિષ્ણુ ભગવાનના ચાર હાથ, ને તે વડે તે દશે દિશાનું પાલન કરે છે એટલે સ્વસ્તિક પાછળની ભાવના એવી છે કે ભગવાન વિષ્ણુ તેમનાં ચારે હાથે મને સહાય કરે અને દશેય દિશાથી મને કાર્યક્ષેત્રનો માર્ગ ચીંધતા મારું રક્ષણ કરે, સ્વસ્તિકમાં સર્વનાં કલ્યાણની ભાવના રહેલી છે, તે સાથે તે સુખ, શાંતિ, સમૃદ્ધિ અને સર્જનનું પણ પ્રતીક છે. સ્વસ્તિક એટલે કલ્યાણનું કાવ્ય.

વિદ્યાર્થીઓએ અનેક પ્રકારનાં સાથિયા કળામય રીતે બનાવ્યાં, તે માટે તેમને ધન્યવાદ.

# બાલપૂજન

''હવામાં આજ વહે છે ધરતી કેરી ખુશખુશાલી...'' ધીરાં ધીરાં વરસતા વરસાદમાં નાનકડી એ બાળાઓનું નૃત્ય શરૂ થયુંને જાણે વર્ષારાણીએ એકદમ પ્રફુલ્લિત બની એ બાળાઓનાં શિર પર વર્ષારૂપી પુષ્પો વરસાવી દીધાં..... ફોરાં પડતાં હતાં તેને બદલે હવે થોડો વધુ વરસાદ શરૂ થયો, ને છતાંય એ નાનકડી બાળાઓનો અદમ્ય ઉત્સાહ, કોઈનેય એ વરસાદથી ભીંજાવાની અકળામણ નહીં.... વરસતાં વરસાદમાં ય તેઓ તો એમની મસ્તીમાં મસ્ત બની ઝુમી રહ્યા હતાં, નાચી રહ્યાં હતાં, રંગબેરંગી ચણીયાચોળી, ને ઓઢણીમા સજજ એ બાળાઓએ જાણે આખાયે વાતાવરણને અનેરા ઉત્સાહ અને આનંદથી હર્યુભર્યું બનાવી દીધું હતું..... કારણ આજે એમનાં વહાલા શારદામંદિરનો સ્થાપના દિન હતો. વટવૃક્ષ સમાન વિસ્તરેલી એમની એ શાળાએ આજે સીત્તેર વર્ષ પૂરા કરી ઇકોતેરમાં વર્ષમાં પ્રવેશ કર્યો હતો. એ નિર્દોષ ભૂલકાંઓના આનંદની અવધિ ક્યાંથી હોય !

અને તેમાંય 'આવે પેલો બાલરથી' બાળકોથી જ બનેલાં એ રથ સાથે સવાર થઈ બાલરથીઓ જ્યારે પટાંગણમાં સૂર તાલને સંગીત સાથે સવારી લઈને આવ્યાં ત્યારે તો જાણે આખું ય વાતાવરણ આનંદથી મઘમઘી ઉઠ્યું. સંસ્થાના ભૂતપૂર્વ તેજસ્વી વિદ્યાર્થી અને હાલ વાલી ડૉ. હેમંતભાઈ પારેખે એ બાલરથીઓને કુંકુમ તિલક કરી અક્ષત્ ચોડી, મોં મીઠું કરાવી, જ્યારે તેમનું અભિવાદન કર્યું ત્યારે જાણે પ્રતિતિ થઈ કે મા શારદાનાં આ મંદિરમાં બાળક જ કેન્દ્રસ્થાને છે, અને ત્યારે સ્વ. ગિજુભાઈએ વર્ષો પહેલાં બાળક માટે લખેલી કેટલીક વાતો જાણે યથાર્થ થતી હોય એવી અનુભૂતિ થઈ.

ગિજુભાઈએ લખ્યું છે, ''બાળકને યોગ્ય સ્થાન આપીએ તો પૃથ્વી ઉપર સ્વર્ગનું રાજ્ય સ્થપાય. ઘરમાં દેવો રમવા આવે, દેવોએ મૃત્યુલોકમાં અવતરવું પડે.

સ્વર્ગ બાળકનાં સુખમાં છે.
સ્વર્ગ બાળકની તંદુરસ્તીમાં છે.
સ્વર્ગ બાળકની નિર્દોષ મસ્તીમાં છે.
સ્વર્ગ બાળકનાં ભોળા ગાન-ગુલતાનમાં છે.

બાળકો એ જીવન-સુખની પ્રફુલ્લ તેમ જ પ્રસન્ન ઊઘડતી એવી કળીઓ છે. મા-બાપનાં હૃદયનાં એ પવિત્ર અને નિર્મળ પ્રતિબિંબો છે.

બાળક એ તો ઈશ્વરે પૃથ્વી પર મોકલેલો દેવદૂત છે અને મા શારદાના મંદિરનાં પ્રાંગણમાં તેને ખીલતું કિલ્લોલતું, પાંગરતું જોવું એ જ જાણે શારદામંદિરનાં ધ્યેયની ધન્યતા છે, યથાર્થતા છે. બાલપૂજનના આ ધન્ય પ્રસંગે આ અનુભૂતિ થતાં હૃદય જાણે આનંદ અને ગૌરવથી ભર્યુંભર્યું બની ગયું.

- ઊર્મિલા શાહ

''પાંચ વરસનાં ટાબરિયા સાથે કામ પાડવામાં ખરું જોખમ એ રહેલું છે કે જોતજોતામાં આપણે પણ ટાબરિયા જેવો વર્તાવ કરતાં થઈ જઈએ છીએ.''

- ઝાંકર

# સ્વાસ્થ્ય જાગૃતિ શિબિર

શિશુમંદિરનાં ધોરણ ૧ થી ૪ માં તા. ૧-૯-૯૪ થી ૭-૯-૯૪ સુધી સ્વાસ્થ્ય જાગૃતિ શિબિર યોજાયો. 'પહેલું સુખ તે જાતે નર્યાં.' એ સત્ય નાનપણથી જ જો સમજાય તો જીવનભર માણસ તેનાં જીવનને માણી શકે ને પ્રગતિ સાધી શકે, ને તે માટે જેમ બાળકને નાનપણથી શું વાંચવું, કેમ વાંચવું એ શીખવીએ છીએ તેમ શું ખાવું, કેવી રીતે ખાવું, શરીર સ્વચ્છ કેમ રાખવું એ બધું પણ તેનાં મહત્ત્વ સાથે સમજાવવું જરૂરી છે. માંદા પડ્યાં પછી ડોક્ટર પાસે સાજા થવા માટે જવું ને દવા કે આરામનો આશ્રય લેવો તેને બદલે આ સ્વાસ્થ્યની જાગૃતિ જો સમયસર સેવવામાં આવે તો 'પાણી પહેલાં પાળ બંધાય', માંદગી આવતી જ અટકે અને એટલે આ શિબિરમાં વિદ્યાર્થીઓને રોજ પૌષ્ટિક ખોરાક અને નાસ્તા માટે પ્રોત્સાહિત કરવામાં આવ્યાં. તળેલાં, તીખાં ને તમતમતાં, જીભને સ્વાદિષ્ટ લાગે તેવા નાસ્તાને બદલે ભાખરી, રોટલી, શાક, મગ કે કઠોળ જેવા નાસ્તા માટે પ્રોત્સાહન આપવામાં આવ્યું ને તે સાથે શરીરની સ્વચ્છતા સુઘડતા વિષે પણ તેમને જાગૃત કરવામાં આવ્યાં. નખ ન કાપ્યાં હોય તો તેમાં ભરાયેલાં મેલથી, એ હાથે જમવાથી પેટ ખરાબ થાય, પેટનાં રોગો થાય. વાળની સ્વચ્છતા, ચામડીની સ્વચ્છતા, કાન, નાકની સ્વચ્છતા આ બધાં પ્રત્યે એ નાનાં નાનાં ભૂલકાઓમાં જાગૃતિ લાવવામાં આવી. ઈશ્વરે માણસને મહામૂલું જીવન બક્ષ્યું છે એ જીવનને સફળ ને સાર્થક બનાવવા માટે પ્રકૃત્તિનાં કેટલાંક નિયમોનું પાલન કરવું જ પડેને તો જ નિરોગી રહી શકાય, એનું ઉલ્લંઘન કરીએ તો માંદગીને નોંતરીએ. આ જાગૃતિ વિદ્યાર્થીઓમાં બાળપણથી જ આવે તે આ શિબિરનો હેતુ હતો. આશા છે વિદ્યાર્થીઓમાં એ ધ્યેયનું અંતરીકરણ સફળતાપૂર્વક થયું છે.

# સંસ્થાનું ગૌરવ

શાળાની ભૂતપૂર્વ વિદ્યાર્થિની ચિ. વૈશાલી રાવળે 'નોર્થ યોર્ક એજ્યુકેશન બોર્ડ' કેનેડાની પરીક્ષા ઉચ્ચ કક્ષાએ પાસ કરી 'ઓન્ટારિયા સ્કોલર'નું બિરુદ મેળવ્યું છે.

# આભારદર્શન

૧૯૯૩-૯૪નાં વર્ષના, વર્ષ ૧૪નાં શારદનાં બધાં જ અંકો 'સ્વ. હર્ષદભાઈ કેશવલાલ અધ્યારૂ ટ્રસ્ટ'નાં સૌજન્યથી પ્રકાશિત થયાં છે, તે બદલ સંસ્થાની વ્યવસ્થાપક સમિતિનાં સભ્ય શ્રી પાર્થિવભાઈ અધ્યારૂ તરફ આભારની લાગણી વ્યક્ત કરું છું.

સ્વ પાર્થ ઠક્કરના સ્મરણાર્થે શ્રી પ્રફુલ્લભાઈ ઠક્કર તરફથી શિશુમંદિરને રૂા. ૧૦૦૦ કાયમી ઇનામ માટે ભેટ મળ્યાં છે, તે બદલ આભાર વ્યક્ત કરું છું.

# સંસ્થાકીય સમાચાર

## બાલમંદિર

**સ્થાપનાદિન :** તા. ૧૩-૮-૯૪ના રોજ સંસ્થાનો ૭૧મો સ્થાપનાદિન અનેરા ઉત્સાહ સાથે ઉજવાયો.

**જન્માષ્ટમી ઉત્સવ :** તા. ૨૭-૮-૯૪ને શનિવારે તાલીમ મંડળીનાં બાળકોએ જન્માષ્ટમી ઉત્સવ ઉજવ્યો. કૃષ્ણજન્મથી માંડી રાસલીલા સુધીના વિવિધ પ્રસંગો બાળકોએ નાટ્ય તથા નૃત્ય દ્વારા ખૂબ ભાવવાહી રીતે રજૂ કર્યા, પ્રસંગોને અનુરૂપ રંગબેરંગી વસ્ત્રોથી સજ્જ બાળકોએ જાણે ઘડીભર કૃષ્ણનું ગોકુળિયું ગામ જ આબેહુબ ખડું કરી દીધું અને.....

''નંદ ઘેર આનંદ ભયો
જય કનૈયા લાલકી
હાથી ઘોડા પાલખી
જય કનૈયા લાલકી.''

ના અનેરા નાદ સાથે સૌ બાળકો કૃષ્ણ ભક્તિમાં તન્મય બની ગયાં. માખણ ચોર કૃષ્ણ - કાલિનાગ મર્દન, રાસલીલા,ટોપલામાં બિરાજમાન કૃષ્ણ, કૃષ્ણની આ બાળલીલા અને રાસલીલા જોઈને બાળકોની શક્તિ અને સામર્થ્ય માટે સૌ કોઈ ઘડીભર સ્તબ્ધ બની ગયાં.

શાળાની ભૂતપૂર્વ વિદ્યાર્થિની ચિ. દિપાલી દવે અને ચિ હીરલ દવેએ આ કાર્યક્રમમાં પોતાનો કંઠ આપી આખાય કાર્યક્રમને દિપાવ્યો.

બાળકો હવે નવરાત્રિનાં ઉત્સવની તૈયારીમાં લાગી ગયાં છે.

## શિશુમંદિર

**સ્વાસ્થ્ય શિબિર :** તા. ૧ થી ૭મી સપ્ટેમ્બર ૧૯૯૪ દરમિયાન સ્વાસ્થ્ય અને પોષક આહાર જાગૃતિ શિબિર યોજાયો. જેમાં વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું, તેમ જ વ્યક્તિગત સ્વચ્છતા અને સમતોલ આહાર તરફ ખાસ ધ્યાન દોરવામાં આવ્યું.

**પર્યુષણ પર્વ :** તા. ૬-૯-૯૪નાં રોજ મહાવીર જન્મવાંચન દિન નિમિત્તે સ્તવનો અને ભાવનાનો કાર્યક્રમ યોજાયો.

શ્રાવણ માસ નિમિત્તે શિવ માનસ પૂજા, લિંગાષ્ટકમ્ શિવાષ્ટકમ્ રોજ રજૂ કરવામાં આવ્યા.

તા. ૧૪-૭-૯૪ થી ૧-૯-૯૪ સુધી 'પાણી બચાવો' પ્રોજેક્ટ હાથ ધરાયો.

**વિદાય સમારંભ :** તા. ૩૧-૮-૯૪નાં રોજ શાળાના સંન્નિષ્ટ કાર્યકરો શ્રી સનતબેન તથા શ્રી મિનાક્ષીબેન નિવૃત્ત થતાં હોવાથી વિદાય સમારંભ યોજાયો.

**આંતરગૃહ સ્પર્ધા :** તા. ૧૩-૮-૯૪ સ્થાપના દિન નિમિત્તે વિવિધ સ્પર્ધાઓ યોજાઈ.

**તોરણ સ્પર્ધા : ૧૩-૮-૯૪**

**પ્રથમ :** પાઠીયા હીરલ (ગંગોત્રી)
**દ્વિતીય :** મુન્શી રાજીતા (મેઘનાદ)
દેસાઈ ઋચા (ધવલગિરિ)
**તૃતીયઃ** વ્યાસ કામેશ (મેઘનાદ)
શાહ હાર્દિક (ધવલગિરિ)

**કોલાજ વર્ક : ૧૩-૮-૯૪**

**પ્રથમ :** બહેનો મેઘનાદ
ભાઈઓ મેઘનાદ
**દ્વિતીય :** બહેનો ધવલગિરિ
ભાઈઓ રત્નદીપ

**પ્રીન્ટીંગ સ્પર્ધા : તા. ૧૩-૮-૯૪**

**પ્રથમ :** ગંગોત્રી
**દ્વિતીય :** રત્નદીપ
**તૃતીયઃ** મેઘનાદ

**ઉર્જા બચાવો - વાનગી સ્પર્ધા : ૧૩-૮-૯૪**

**પ્રથમ :** મેઘનાદ
**દ્વિતીય :** રત્નદીપ
**તૃતીયઃ** ધવલગિરિ

નિર્ણાયક તરીકે સેવા આપવા બદલ શ્રી સંયુક્તાબેન શાહ તરફ આભારની લાગણી વ્યક્ત કરું છું.

તા. ૧૫-૮-૯૪ સ્વાતંત્ર્યદિન તથા તા. ૧૭-૮-૯૪નાં રોજ શ્રી ઝવેરચંદ મેઘાણી જયંતિ નિમિત્તે **દેશભક્તિ સમૂહગાન સ્પર્ધા** યોજાઈ.

**પ્રથમ :** ભાઈઓ (મેઘનાદ)
બહેનો (ધવલગિરિ)
**દ્વિતીય :** ભાઈઓ (ધવલગિરિ)
બહેનો (ગંગોત્રી)
રત્નદીપ

**રાખડી સ્પર્ધા ૧૯-૮-૯૪**

**પ્રથમ :** શાહ સપના (ધવલગિરિ)
**દ્વિતીય :** શેઠ શ્રીધર (ધવલગિરિ)
શાહ ઉર્વી (ધવલગિરિ)
**તૃતીયઃ** પટેલ પલક (મેઘનાદ)
શાહ કશ્યપ (રત્નદીપ)
વ્યાસ કાજલ (રત્નદીપ)

**સાથિયા સ્પર્ધા : ૭-૯-૯૪**

**પ્રથમ :** ચોકસી રૂચિ (ધવલગિરિ)
**દ્વિતીય :** શાહ હરિતા (ગંગોત્રી)
**તૃતીયઃ** વ્યાસ કાજલ (રત્નદીપ)
શેઠ શાલ્વી (ગંગોત્રી)

**ગણેશ સ્પર્ધા : ૮-૯-૯૪**

**પ્રથમ :** શાહ ઉર્વી (ધવલગિરિ)
**દ્વિતીય :** પટેલ પલક (મેઘનાદ)
શાહ શૈલી (ગંગોત્રી)
**તૃતીયઃ** નવાબ માનસી (ગંગોત્રી)
શેઠ રાજસી (મેઘનાદ)

**સમતોલ આહાર 'કેપ' સ્પર્ધા : ૮-૯-૯૪**

**પ્રથમ :** પરીખ જીગર (ધવલગિરિ)
**દ્વિતીય :** શાહ નિસર્ગ (રત્નદીપ)
ચોક્સી મિતુલ (ગંગોત્રી)
**તૃતીયઃ** પટેલ દિપેન (ધવલગિરિ)
ચોગાનવાલા પરીન (ગંગોત્રી)
સોપારકર કૌશલ (રત્નદીપ)

ઉપરાંત સાથિયા સ્પર્ધા તથા સુલેખન સ્પર્ધા યોજવામાં આવી હતી.

## અભિનંદન

**નિબંધ :** અખિલ હિંદ મહિલા પરિષદ એલીસબ્રિજ શાખા યોજીત નિબંધ સ્પર્ધામાં નાગોરી માનસી (તૃતીય), ત્રિવેદી અપાલા (પ્રથમ) તથા શાહ રોનકે (પ્રથમ) ઇનામો મેળવ્યાં છે.

**ચિત્ર :** મૌલાના અબુલ કલામ આઝાદ ચિત્ર સ્પર્ધામાં ટંકશાળી શર્વિલ, શુકલ નિધિ અને ટંકશાળી શિવાંગીએ ઇનામો તથા ચંદ્રકો મેળવ્યાં છે.

લાયન્સ ક્લબ ફોર્ટ યોજીત તત્કાલ ચિત્ર સ્પર્ધામાં શુકલ નિધિએ પ્રથમ ઇનામ મેળવ્યું છે.

યંગ એન્વોયઝ ઇન્ટરનેશનલ યોજીત ચિત્રસ્પર્ધામાં સોપારકર બંદિશ, સોપારકર અર્પણે પ્રમાણપત્રો મેળવ્યાં છે. સોપારકર અર્પણને Friends International Club's Organization યોજીત ચિત્રસ્પર્ધામાં પણ પ્રમાણપત્ર મળ્યું છે.

**સ્કેટીંગ :** ગુજરાત સ્ટેટ રોલર સ્કેટીંગ એસોસીયેશન યોજીત સ્કેટીંગ સ્પર્ધામાં દલાલ આલીશાએ બીજું સ્થાન મેળવી પ્રમાણપત્ર મેળવ્યું છે.

રાજપથ ક્લબ યોજીત - મીમીક્રી સ્પર્ધામાં છપ્પન જીગરને મિમિક્રીમાં પ્રથમ તથા વેશભૂષા સ્પર્ધામાં દ્વિતીય ઇનામ મળ્યું છે. અમદાવાદ મેડીકલ એસોસીયેશન યોજીત વેશભૂષા સ્પર્ધામાં પણ ચિ. જીગરને ત્રીજુ ઇનામ મળ્યું છે.

સૌ વિદ્યાર્થી ભાઈબહેનોને ધન્યવાદ.

## વિનયમંદિર

તા. ૧૦-૮-૯૪નાં રોજ શાળાની ભૂતપૂર્વ વિદ્યાર્થિની અને વાલી ડો. મયૂરીબેન ખમારનું 'આંખની સંભાળ' વિષે માહિતી સભર વક્તવ્ય સ્લાઇડ શો સાથે રજૂ થયું.

તા. ૧૭-૭-૯૪નાં રોજ બાલસભામાં શાળાનાં વિદ્યાર્થી દર્શન ત્રિવેદીએ ટીવીનાં કલાકાર તરીકે તેનાં અનુભવો વર્ણવતું 'અભ્યાસની સાથે સિદ્ધિ' વિષય પર વક્તવ્ય રજૂ કર્યું.

**ક્વીઝ કાર્યક્રમ :** તા. ૩૧-૮-૯૪નાં રોજ રોટરી ક્લબ ઓફ અમદાવાદ સાઉથનાં ઉપક્રમે આંતરશાળા ક્વીઝ કાર્યક્રમ યોજાયો.

**શિક્ષક દિન :** તા. ૫-૯-૯૪નાં રોજ શિક્ષકદિન નિમિત્તે કાર્યક્રમ યોજાયો. વિદ્યાર્થીઓએ 'ગુરુર્દેવોભવ' વિષય પર વક્તવ્ય રજૂ કર્યાને પુષ્પથી સૌ શિક્ષકોનું ભાવભર્યું અભિવાદન કર્યું. મુ. શ્રી દિનુભાઈએ તથા શ્રી દેવેન્દ્રભાઈએ સર્વપલ્લી રાધાકૃષ્ણન્ વિષે પ્રવચનો કર્યા.

ધોરણ ૧૧ તથા ૧૨ નાં વિદ્યાર્થીઓ સમક્ષ પ્રો. તુષારભાઈ પુરાણીએ ડો. રાધાકૃષ્ણન્ વિષે વક્તવ્ય રજૂ કર્યું.

તા. ૧-૯-૯૪નાં રોજ પ્રો. મનુભાઈ શાહે સ્વરચિત કાવ્યવાંચન તથા વાર્તાકથન રજૂ કર્યા.

**હિન્દી દિન**

તા. ૧૪-૯-૯૪નાં રોજ ધોરણ ૮, ૯નાં ભાઈબહેનોએ હિન્દી દિન ઉજવ્યો. જેમાં હિન્દી ગીતોનું ગાન, હિન્દી નાટક સુંદર રીતે રજૂ કર્યા. શ્રી બાબુભાઈ સોલંકીએ 'હિન્દીનું મહત્ત્વ' સમજાવ્યું. ધોરણ ૯નાં વિદ્યાર્થીઓએ હિન્દી કવિઓનાં જીવન કવન વિષે વક્તવ્ય રજૂ કર્યા.

**આંતરગૃહ સ્પર્ધા**

તા. ૧૩-૮-૯૪નાં રોજ સ્થાપનાદિન નિમિત્તે ચિત્ર સ્પર્ધા તથા સુલેખન સ્પર્ધા યોજાઈ.

**ચિત્રસ્પર્ધા**

પ્રથમ : શાહ અદિતિ (ગીત ગોવિંદ)
દ્વિતીય : શાહ માનુષી (ચંદ્રમૌલિ)
તૃતીય : શાહ અર્પી (પદ્મપુકુર)

**સુલેખન સ્પર્ધા**

પ્રથમ : ઠક્કર રાજસી (પદ્મપુકુર)
દ્વિતીય : ત્રિવેદી ધારા (મેઘદૂત)
તૃતીય : મહેતા કૌશલ (ગીતગોવિંદ)

**નિબંધ સ્પર્ધા : ૨૭-૮-૯૪**

પ્રથમ : સોપારકર રૂચિ (ગીતગોવિંદ)
દ્વિતીય : દેસાઈ જયની (ચંદ્રમૌલી)

**પ્રવાસ :** તા. ૨૮, ૨૯, ૩૦ ઓગસ્ટનાં રોજ કેવડી (છોટાઉદેપુર)નો ટ્રેકીંગ પ્રવાસ યોજાયો.

## અભિનંદન

**વક્તૃત્વ :** સ્વ. એસ. આર ભટ્ટ સ્મારકનિધિ સ્પર્ધામાં ચિ. દેવલ સોપારકરે અને ચિ. આનન કોન્ટ્રાક્ટરે વિજેતા બની ટ્રોફી અને ચંદ્રકો મેળવ્યાં.

લાયન્સ ઇન્ટરનેશનલ ડીસ્ટ્રીક્ટ ૩૨૩ બી તરફથી યોજાયેલ વક્તૃત્વ સ્પર્ધામાં ચિ. દેવલ સોપારકરે દ્વિતીય ઇનામ અને રજતચંદ્રક મેળવ્યાં છે.

**નિબંધ :** અખિલ હિંદ મહિલા પરિષદ એલીસબ્રિજ શાખા યોજીત નિબંધ સ્પર્ધામાં ચિ. અમી પાઠકને તૃતીય ઇનામ મળ્યું છે.

**ચિત્ર :** યંગ એન્વોયઝ ઇન્ટરનેશનલનાં ઉપક્રમે યોજાયેલ ચિત્રસ્પર્ધામાં રૂચિ સોપારકર ને સુવર્ણચંદ્રક, દેસાઈ હરિણીને પ્રમાણપત્ર તથા શાહ અર્પીને ચંદ્રક મળ્યા છે.

Friends International clubs Organization આયોજીત ચિત્રસ્પર્ધામાં સોપારકર દેવલને ઇનામ મળ્યું છે.

નવમા આંતરરાષ્ટ્રીય બાલ અને યુવક કલા પ્રદર્શનમાં શાહ અર્પીને ફીનલેન્ડ મોકલેલ ચિત્ર માટે ડિપ્લોમાં સર્ટીફીકેટ મળ્યું છે.

ગુજરાત રાજ્ય કલા શિક્ષક સંઘ યોજીત રંગપૂરણી ચિત્ર સ્પર્ધામાં શાહ અર્પીએ પ્રથમ આવી એવોર્ડ અને પ્રમાણપત્ર પ્રાપ્ત કર્યાં છે.

The Eperiment in International Living આયોજીત નિબંધ સ્પર્ધામાં ચિ. પલક તેલીને પ્રથમ ઇનામ મળ્યું છે.

સૌ યશસ્વી વિદ્યાર્થી ભાઈબહેનોને ધન્યવાદ.


તંત્રી, મુદ્રક, પ્રકાશક : દિનુભાઈ દવે, આચાર્ય અને નિયામક, શારદામંદિર, અમદાવાદ ૩૮૦ ૦૦૭.
ટાઇપ સેટીંગ : આકાશ ગ્રાફિક્સ, ૧૮ પલ્લવી ટાવર-૧, નવરંગપુરા, અમદાવાદ ૩૮૦ ૦૦૯. ફોન : ૪૬૪૮૧૬
મુદ્રણ સ્થળ : મારુતિ પ્રિન્ટર્સ, તાવડીપુરા, અમદાવાદ ૩૮૦ ૦૦૪. ફોન : ૩૧૨૩૧૨, ૩૪૫૫૫૯